| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ............ | ૧૫/૦૨/૨૦૨૪ | | |
| રજીસ્ટરે લીધા તારીખ... | ૧૫/૦૨/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ............. | ૦૭/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો............... | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૦ | ૨૦ |

**ઊંઝાના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું.ઊંઝા.**

ક્રિમીનલ કેસ નં. ૧૧૮/૨૦૨૪.
આંકઃ ૩૩.

ફરિયાદીઃ – શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

આરોપીઃ ૧. પટેલ અલ્પેશભાઈ વિઠલભાઈ,
હાલ રહે.૧૭, શારદાનગર સોસાયટી અંબીકા પોલીસ ચોકીની બાજુમાં હાઈવે રોડ કલોલ, તા.કલોલ, જી.ગાંધીનગર.
મૂળ રહે.મહેરવાડા ગામીતવાસ, તા.ઉંઝા, જી.મહેસાણા.

**ગુનોઃ** – ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ...

ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી આર.ઝેડ.વિહોલ.
આરોપી પક્ષ તરફે વિદ્વાન વકીલ શ્રી આર.ડી.કુરેશી.

**–:: જ જ મે ન્ટ ::–**

(૧) આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ આ કામના

ફરીયાદી પોતાનું બજાજ કંપનીનું પલ્સર મોડલનું મો.સા. રજી.નં.જી.જે.૦૨.સી.એસ.૯૭૨૨ નું લઇ પોતાના ઘરેથી નીકળી નોકરીના સ્થળ ઉપર જતા હતા તે વખતે ઉંઝા પાટણ રોડ ઉપર બાલાજી રીસોર્ટ અને પેટ્રલ પંપની વચ્ચે આ કામના તહોમતદારે પોતાની મારૂતી સુઝુકી કંપનીની વેગેનાર ગાડી નં .જી.જે. ૧૮.બી.સી.૮૫૨૯ ની રોંગ સાઇડમાં પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઇ આવી ફરીયાદીના મો.સા.ને સામેથી ટકકર મારી અકસ્માત કરી શરીરે નાની મોટી ગંભીર ઇજાઓ તેમજ જમણા પગના અંગુઠાનું તેમજ જમણા પગના સાથળના ભાથનું ફ્રેકચર કરી ઇજાઓ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એક્ટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કર્યા વિગેરે બાબતની ફરિયાદ, ફરિયાદીએ ઉંઝા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા અને તપાસના અંતે આરોપી વિરૂદ્ધ ગુના અંગે પુરતો પુરાવો મળી આવતાં સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ બજી જતા આરોપી અદાલત રૂબરૂ હાજર થયેલ. આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ-૨૦૭, પ્રમાણે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડી, કલમ-૨૫૧, પ્રમાણે આરોપીને તેના ઉપરના ગુનાના આરોપીની વિગતો જણાવી, આંક-૦૩ થી ગુનાની કબુલાત વિષે પુછતા, તેણે ગુનાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી. ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા પુરાવો આગળ નોંધવામાં આવેલ છે.

(૩).. કેસના સમર્થનમાં ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**(એ) મૌખિક પુરાવોઃ–**

૧. આંક– ૦૫ થી પંચસાહેદ પટેલ કુલચંદભાઇ આત્મારામની જુબાની.
૨. આંક–૦૭ થી પંચસાહેદ દરજી મહેન્દ્રભાઈ કાંતિલાલની જુબાની.
૩. આંક–૦૮ થી સાહેદ પટેલ કમલેશકુમાર ડાહ્યાલાલની જુબાની.
૪. આંક–૦૯ થી સાહેદ પટેલ યોગેશકુમાર સોમાભાઈની જુબાની.
૫. આંક–૧૧ થી સાહેદ પટેલ અજયકુમાર મનુભાઈની જુબાની.
૬. આંક–૧૨ થી સાહેદ પટેલ જીનેશકુમાર વિઠલભાઈની જુબાની.
૭. આંક–૧૮થી સાહેદ પટેલ આશીષકુમાર વિષ્ણુભાઇ હીરાલાલની જુબાની.
૮. આંક–૧૯ થી ફરીયાદી પટેલ પાર્થ હસમુખભાઇની જુબાની.
૯. આંક–૨૮થી ત.ક.અ.રજનીકાન્ત બાબુલાલની જુબાની.

**(બી) દસ્તાવેજી પુરાવોઃ–**

૧. આંક–૨૦ થી ફરિયાદીની ફરિયાદ.
૨. આંક–૦૬ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું.
૩. આંક–૨૯ થી ડેપ્યુટ હુકમ.

(૪) ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે પુરાવો પૂર્ણ થયા બાદ, ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન લેવાપાત્ર પુરાવો હોઈ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં તેઓ વિશેષમાં જણાવે છે કે,''અમો પર ખોટી ફરીયાદ કરેલ છે. તેઓએ કોઈ અકસ્માત કરેલ નથી.''

(૫) ઉપરોકત હકીકત આધારે કેસના નિર્ણય સારું નીચે મુજબના મુદાઓ ઉપિસ્થત થાય છે.

<u>**મુદ્દાઓઃ**</u>–

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના

આરોપીએ તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ આ કામના ફરીયાદી પોતાનું બજાજ કંપનીનું પલ્સર મોડલનું મો.સા. રજી.નં.જી.જે.૦૨.સી.એસ.૯૭૨૨ નું લઈ પોતાના ઘરેથી નીકળી નોકરીના સ્થળ ઉપર જતા હતા તે વખતે ઉંઝા પાટણ રોડ ઉપર બાલાજી રીસોર્ટ અને પેટ્રલ પંપની વચ્ચે આ કામના તહોમતદારે પોતાની મારૂતી સુઝુકી કંપનીની વેગેનાર ગાડી નં .જી.જે. ૧૮.બી.સી.૮૫૨૯ ની રોંગ સાઇડમાં પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી ફરીયાદીના મો.સા.ને સામેથી ટકકર મારી અકસ્માત કરી શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ તેમજ જમણા પગના અંગુઠાનું તેમજ જમણા પગના સાથળના ભાથનું ફેકચર કરી ઈજાઓ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૫.૧)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે પ્રમાણે છે.

**<u>નિર્ણયોઃ</u>–**

મુદ્દા નં. ૧ : નકારમાં.

મુદ્દા નં. ૨ : આખરી હુકમ મુજબ.

**–::કા ર ણો ::–**

**મુદા નંબર–૧ :–**

**(૬)** ફરીયાદપક્ષ ધ્વારા આ કામે **આંક–૦૫** થી પંચસાહેદ પટેલ કુલચંદભાઈ આત્મારામ નાઓને તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૯/૦૫/૨૦૨૩

ના રોજ તેઓ પાટણથી આવતા હતા ત્યારે કમલ ફેકટરીની સામે એક અકસ્માત થયેલ, જેમાં એક વેગનઆર ગાડી અને પલ્સર બાઈક સાથે અકસ્માત થયેલો, જેના નંબર તે વખતે જોયેલા પણ હાલમાં યાદ નથી. ઉઝાથી પાટણ જવાનો રોડ ચાલુ હતો જયારે તેની સામે પાટણથી ઉંઝા આવતો રોડ નવીન બનતો હોઈ બંધ હતો. ત્યાં પાર્થ પલ્સર બાઈક વાળાને પગે ધુંટણ ઉપર અને અંગુઠાએ વાગેલું હતું, વેગનઆર ગાડીની સ્પીડ બહુ હતી. બનાવ ૫૦૦ મીટર દુરથી જોયેલો. આ અકસ્માત તા. ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ બપોરે ૧:૩૦ વાગ્યા બાદ થયેલો. આ પંચનામું તેમની રૂબરૂ થયેલ જેમાં ચર્તુદિશાનું વર્ણન કરેલ છે. પંચનામામાં પંચ–૧ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૦૬ થી રજૂ કરેલ છે.

ત્યારબાદ સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના ફરીયાદી આદેશ બંગલો પાટણ રોડ ઉપર રહે છે, અને તેમનું સરનામું પણ આદેશ બંગલોનું લખાવેલ છે. તેઓને તા.૬/૧૧/૨૩ ના રોજ આ કામના ફરીયાદીએ તેઓને પંચમાં રહેવા બોલાવેલા, બીજા પંચને ફરીયાદીએ બોલાવેલા કે કેમ તેની તેમને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પંચનામામાં એવું લખાવેલ નથી કે, "તા. ૧૯/૫/૨૦૨૩ ના રોજ તેઓ પાટણથી આવતા હતા ત્યારે કમલ ફેકટરીની સામે એક અકસ્માત થયેલ, જેમાં એક વેગન આર ગાડી અને પલ્સર બાઈક સાથે અકસ્માત થયેલો, જેના નંબર તે વખતે જોયેલા પણ હાલમાં યાદ નથી. ઉંઝાથી પાટણ જવાનો રોડ ચાલુ હતો જયારે તેની સામે પાટણથી ઉઝા આવતો રોડ નવીન બનતો હોઈ બંધ હતા. ત્યા પાર્થ પલ્સર બાઈક વાળાને પગે ધુંટણ ઉપર અને અંગુઠાએ વાગેલું હતું, વેગનઆર ગાડીની સ્પીડ બહુ હતી. બનાવ ૫૦૦ મીટર દુરથી

જોયેલો. '' એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બીજા પંચ મહેન્દ્રભાઈ કાન્તીલાલ તેમની સાથે પંચ તરીકે હાજર ન હતા, તેમના ગયા બાદ આવેલા હોય તો ખબર નથી. એવું બનેલ નહી કે ઉનાવા પોલીસે તેઓને પંચ તરીકે સ્થળ ઉપર બોલાવેલા હોય. આ પંચનામામાં તેઓ સવારે ૧૧:૦૦ વાગ્યે હાજર થયેલા. આ પંચનામું લખાવતા લમસમ ૨૦ થી ૨૫ મીનીટ થયેલી, આ પંચનામામાં તેઓએ કેટલી સહી કરેલી તે યાદ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે સહી કરી ત્યારે મહેન્દ્રભાઈ કાંતીલાલ હાજર ન હતા.

(૬.૧) ત્યારબાદ આ કામે આંક– ૦૭ થી પંચ સાહેદ દરજી મહેન્દ ભાઈ કાંતિલાલનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓએ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોઈ તેઓને ફરિયાદ પક્ષ તરફે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાની દરમિયાન જણાવેલ છે કે, પોલીસે એક પંચનામામા તેમની સહી કરાવેલી. પંચનામામાં શું લખેલુ તેની તેમને ખબર નથી. તેમને રેકર્ડમાંથી એક પંચનામું વાંચી સંભળાવવામાં આવતાં આવું પંચનામું તેમની રૂબરૂ કરવામાં આવેલ નથી. સદર પંચનામામાં પંચ તરીકે તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવેલ છે જે આંક– ૦૬ થી રજૂ કરેલ છે.

(૬.૨) ત્યારબાદ આ કામે **આંક– ૦૮** થી સાહેદ પટેલ કમલેશકુમાર ડાહ્યાલાલનાઓને તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ તેઓ જમવા માટે ઘરે આવેલા અને પરત નોકરી વિનય એગ્રોમાં સુણોક રોડ ઉપર જતા હતા ત્યારે કમળ રમણની

ફેક્ટરીએ અકસ્માત થયેલો હતો, ૫-૧૦ મીનીટ થયેલ હતી, તેઓ ત્યાં જોવા ગયેલા અને જોયું તો એક ભાઈ બાઈક લઈ પડેલા હતા, ત્યાં એક વેગનઆર ગાડી પડેલી હતી અને તેનું આગળનું ટાયર ફૂટેલું હતું. ત્યાં એક ભાઈ ઉધાડેલ હતા અને તેમને ઓળખવાનું કહેતા ઓળખેલ કે તે પાર્થભાઈ તેમની ફેક્ટરીમાં નોકરી કરતા હતા તે જ હતા. તે બાદ તેમની કંપનીના અજયભાઈને ફોન કરેલો જેથી તે આવેલા અને ૧૦૮ બોલાવેલી આવેલી હતી. તે બાદ તેઓ ફેક્ટરીએ ગયેલા. આ પાર્થને જમણા પગે અને માથામાં આગળ પાછળ પત્થર પેસી જઈ ઈજાઓ થયેલી હતી. પોલીસે તેમનો ઉનાવા પોલીસ સ્ટેશનમાં બોલાવી જવાબ લીધેલો.

ત્યારબાદ સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પાર્થભાઈ તેમની સાથે નોકરી કરતા હોઈ સારી રીતે ઓળખે છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પાર્થભાઈ તેમની સોસાયટીમાં રહે છે. તેઓ ઉનાવા પોલીસ સ્ટેશને જવાબ લખાવવા ગયેલ ત્યારે ૪:૦૦ વાગ્યે પહોચેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જવાબ લખાવવા ગયેલા ત્યારે તેઓ, યોગેશભાઈ, પાર્થના પિતા હસમુખભાઈ અને અજયભાઈ સાથે ગયેલા. તેમના ચારેયનો જવાબ લેવાની કાર્યવાહી કલાક જેટલી ચાલેલી. પોલીસે તેમના આ જવાબ બનાવના કેટલા સમય બાદ લીધેલ તે તેમને હાલ યાદ નથી. પોલીસે તેમનો આ જવાબ કઈ તારીખે લીધેલ તે પણ તેમને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઉનાવા પોલીસ સ્ટેશને જવાબ લખાવવા પાર્થના પિતા હસમુખભાઈ તેમને સાથે લઈને ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આજરોજ સવારે પણ હસમુખભાઈ તેમની સાથે ઉંઝા કોર્ટમાં આવેલા અને

હજુ પણ ઉંઝા કોર્ટમાં બેઠેલા છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૬.૩) ત્યારબાદ આ કામે **આંક– ૦૯** થી સાહેદ પટેલ યોગેશકુમાર સોમાભાઇનાઓને તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, આજથી ૭–૮ મહિના અગાઉ અજયભાઈ શીહીવાળાનો તેમની ઉપર ફોન આવેલ કે પાર્થના માતા–પિતાને લઈને તમો હોસ્પિટલમાં પહોંચો. જેથી તેઓ તેમના મમ્મી–પપ્પાને લઈને તેમની ગાડી નં. જી.જે.૦૧.આર.જે.૪૨૮૩ નંબરની ગાડીમાં લઈને દીયા હોસ્પિટલ મહેસાણામાં પહોંચેલા, ત્યાં જઈને જોયેલ તો પાર્થને અકસ્માત થયેલો અને તેના જમણા પગે ફ્રેકચર થયેલ અને જમણા પગના અંગુઠે વધારે વાગેલ હોઈ તેનું ઓપરેશન કરવું જરૂરી હતું. જેથી તેઓનું ઓપરેશન કર્યા બાદ તેઓ તેમના ઘરે આવતા રહેલા. તેમને એવું જાણવા મળેલ કે કમલ રમણ ની ફેક્ટરી આગળ એક સફેદ કલરની વેગનાર સાથે પાર્થના પલ્સર બાઈક વચ્ચે અકસ્માત થયેલાનું જાણવા મળેલ. આ અકસ્માત કરનાર ગાડીના છેલ્લા ચાર આંકડા ૮૫૨૯ હતા.

ત્યારબાદ સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ બન્યા બાદ ૪–૫ મહિના બાદ પોલીસે તેમનો જવાબ લીધેલો. તેમનો જવાબ પોલીસે ઉનાવા પોલીસ સ્ટેશનમાં લીધેલો. પોલીસે તેમનું નિવેદન કઈ તારીખે લીધેલ તેની તેમને ખબર નથી. આ નિવેદન આપવા માટે તેઓ ઉનાવા પોલીસ સ્ટેશને અડધો કલ્લાક રોકાયેલો. આ નિવેદન લખાવવા તેઓ તથા બીજા અજયભાઈ, તથા પાર્થના પિતા ગયેલા, એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઉનાવા પોલીસ સ્ટેશનમાં જવાબ

લખાવવાનો છે તેવું તેઓને હસમુખભાઈએ જણાવેલું. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવને તેણે નજરો નજર જોયેલ નથી.

(૬.૪) ત્યારબાદ આ કામે **આંક–૧૧** થી સાહેદ પટેલ અજયકુમાર મનુભાઈનાઓને તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ તેમની ફેકટરીમાં કામ કરતા કમલેશભાઈ ડાહ્યાભાઈનો કોલ આવેલ કે ફેકટરીમાં કામ કરતા પાર્થભાઈને અકસ્માત થયેલ હતો, તેવો કોલ આવતા બનાવ સ્થળે પહોંચેલ અને જોતાં વેગનાર અને પલ્સર બાઈકને અકસ્માત થયેલ હતો અને ગાડીઓ પડેલ હતી, આ વેગનાર ગાડીનો નંબર જી.જે.૧૮.બી.સી.૮૫૨૯ હતો. ત્યાં ૧૦૮ આવેલ હતી અને પાર્થને જમણા પગે, જમણા અંગુઠે અને માથાના ભાગે ઈજાઓ થયેલ હતી. તેઓ તેઓની સાથે ૧૦૮ માં બેસી પ્રીયા ઓર્થોપેડીક મહેસાણામાં લઈ ગયેલ. ત્યારબાદ તેના પરીવારજનો આવેલા. આ અંગે પોલીસ કેસ થયેલ કે કેમ તેની તેમને ખબર નથી. પોલીસે તેમની બનાવ અંગે પૂછપરછ કરેલી.

ત્યારબાદ સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,પાર્થભાઈ અને તેઓ સાથે નોકરી કરતા હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ તેણે નજરે જોયેલ નથી.

(૬.૫) ત્યારબાદ આ કામે **આંક–૧૨** થી સાહેદ પટેલ જીનેશકુમાર વિઠલભાઈનાઓને તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ તેમની નોકરી ઉપર હતા, બનાવ સમયે પોલીસે તેમને બોલાવેલા

અને તેમનું નામ, ઉંમર અને સરનામું પુછેલુ તે સીવાય કાંઇ પુછેલ નહી. તેઓ પાર્થભાઇને ઓળખતા નથી. તેમને વાતોવાતથી જાણવા મળેલ કે એક બાઇક અને ગાડીને અકસ્માત થયેલો, આ અકસ્માત  કઇ જગ્યાએ બનેલો તેની તેમને ખબર નથી કે આ બાઇક કોનુ હતુ અને ગાડી કોની હતી તેની તેમને ખબર નથી.

આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરેલ ન હોય તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી માગતાં એ.પી.પી.શ્રી.ને તેવી પરવાનગી આપવામાં આવેલ છે પરંતુ તેમ છતાં તેમની ઉલટ તપાસથી ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન મળે તેવી હકીકત પુરવાર થતી નથી.

ત્યારબાદ સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ બનાવ તેણે નજરે જોયેલ નથી પોલીસે તેમનું ફકત નામ સરનામું પુછેલુ.

(૬.૬) ત્યારબાદ આ કામે **આંક-૧૮** થી સાહેદ પટેલ આશિષકુમાર વિષ્ણુભાઈ હીરાલાલનાઓને તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ તેઓ તેમની ફેકટરીમાં હાજર હતા અને તેમને અજયભાઈ પટેલ દ્વારા જાણવા મળેલ કે પાર્થ હસમુખભાઈ પટેલ પોતાનું મોટર સાઈકલ નંબર જી.જે.૦૨.સી.એસ.૯૭૨૨ લઈ ઉંઝા થી શીંહી જતા રોડ ઉપર સામેની બાજુ માંથી રોગ્રસાઇટમાં ગાડી નંબર જી.જે.૧૮.બી.સી.૮૫૨૯ ના ચાલકે કમલ રમણ ફેકટરી પાસે એકસીડન્ટ કરેલ છે જેવી વાત કરતા તેઓ સ્થળ ઉપર ગયેલ અને તે વખતે તે ગાડીના માલીક બાબતે તપાસ કરેલ અને એક વ્યક્તિ તેમને મળેલ જેને પોતાનું નામ પટેલ અલ્પેશભાઈ, મુળ

વતન મહેરવાડા તાલુકા ઉંઝાનો હોવાનું અને હાલ કલોલ મુકામે રહેતા હોવાની વાત કરેલ અને તેનો મોબાઈલ નંબર ૯૯૨૫૬૫૭૩૭૬ તેમને આપેલ અને તે દરમ્યાન ૧૦૮ આવી ગયેલા અને પાર્થને ૧૦૮ માં દવાખાને લઈ ગયેલ અને તેઓ ફેકટરી જતા રહેલ અને તેમને જાણવા મળેલ છે કે પાર્થ પટેલને જમણા પગે ફ્રેકચર છે અને જમણા પગના અંગુઠા પર પણ ફ્રેકચર થયેલ છે અને માથાના પાછળના ભાગે પણ વાગેલ છે અને જમણા હાથે તથા બરડાના ભાગે ઈજાઓ થયેલ અને પાર્થ ભાનમાં આવતા આ અલ્પેશભાઈ પટેલનો નંબર આપેલ. પોલીસે તેમને ઉનાવા પોલીસ સ્ટેશનમાં બોલાવી જવાબ લીધેલો.

ત્યારબાદ સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ તથા પાર્થ એક સાથે નોકરી કરતા હોઈ સારી રીતે ઓળખે છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ઉનાવા પોલીસ સ્ટેશને જવાબ લખાવવા ગયેલ ત્યારે ૪:૦૦ વાગ્યે પહોચેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જવાબ લખાવવા ગયેલા ત્યારે તેઓ યોગેશભાઈ, કમલેશભાઈ ડાહયાભાઈ, અજયકુમાર મનુભાઈ પાર્થના પિતા હસમુખભાઈ સાથે ગયેલા. તેમનો ચારેયનો જવાબ લેવાની કાર્યવાહી કલાક જેટલી ચાલેલી પોલીસે તેમનો આ જવાબ બનાવના કેટલા સમય બાદ લીધેલ તે તેમને હાલ યાદ નથી. પોલીસે તેમનો આ જવાબ કઈ તારીખે લીધેલ તે પણ તેમને ખબર નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઉનાવા પોલીસ સ્ટેશને જવાબ લખાવવા પાર્થના પિતા હસમુખભાઈ તેમને સાથે લઈને ગયેલા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આજરોજ સવારે પણ હસમુખભાઈ તેમની સાથે ઉઝા કોર્ટમાં આવેલા અને હજુ પણ ઉંઝા કોર્ટમાં બેઠેલા છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે

કે, આ બનાવ તેઓએ નજરે જોયેલ નથી

(૬.૭) ત્યારબાદ આ કામે **આંક– ૧૯** થી ફરિયાદી પટેલ પાર્થ હસમુખભાઈનાઓને તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તારીખ ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ બપોરે તેઓ તેમની બાઈક જેનો રજી નંબર જી.જે.૦૨ સી.એસ.૯૭૨૨ નું લઈ ઓફિસ જવા માટે ઊંઝા થી પાટણ રોડ જવા નીકળેલ ત્યારે બાલાજી પાર્ટી પ્લોટ પાસે તેઓ પહોંચ્યા ત્યારે સામેથી એક સફેદ કલરની વેગેનાર ફોરવીલ ગાડી જેનો નંબર જી.જે.૧૮.બી.સી.૮૫૨૯ રોંગ સાઈડમાં ફુલ સ્પીડથી આવતી હોય તેમને ટક્કર મારેલ. જેથી તેઓ પડી ગયેલા અને બેભાન થઈ ગયેલા જેથી તેમને અજયભાઈ ૧૦૮ માં મહેસાણા દિયા ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે લઈ ગયેલ. આ અકસ્માતમાં તેમને જમણા પગના અંગૂઠા કપાઈ ગયેલ હતો અને જમણી બાજુ થાપાના ભાગે ફ્રેક્ચર થયેલ અને બરડાના ભાગેથી ચામડી નીકળી ગયેલ અને જમણા હાથે છોલાઈ ગયેલ હતુ તથા માથાના ભાગે બે ટાંકા આવેલ હતા. સારવાર દરમિયાન તેમને જમણા પગનું ઓપરેશન થયેલુ. તેમના જમણા પગના ઓપરેશનમાં સળિયા નાખવામાં આવેલ છે. ઓપરેશન થયાના બે ત્રણ કલાક પછી તેઓ ભાનમાં આવેલા આ થયેલી ઈજાઓથી તેમને ચાર મહિનાનો બેડરેસ્ટ કરવાનું જણાવવામાં આવેલ હતું જેથી હાલના ગુનાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં જઈ પાંચ મહિના પછી ફરિયાદ આપેલી. ફરિયાદ મોડેથી આપવાનું કારણ તેમને બેડરેસ્ટ હતો. તેમજ અકસ્માત કરનાર અલ્પેશભાઈએ તેમને સારવાર દરમિયાન થયેલ ખર્ચો આપવાનું જણાવેલ પરંતુ આપેલ નહી. તેમને ફરીયાદની અસલ નકલ બતાવવામાં આવેલ જે જોઈને તેમાં તેમની સહી તેઓ ઓળખી બતાવેલ છે. જે આંક– ૨૦ થી રજૂ કરેલ છે. તેઓ આરોપીને ઓળખી શકે નહી પરંતુ

તેમના પપ્પા ઓળખી શકે. તે તેમના પપ્પાને અકસ્માતમાં થયેલ ખર્ચ આપવા સારૂ મળેલ એટલે તેમના પપ્પા તેમને ઓળખી શકે. ફરિયાદ આપ્યાના બીજા દિવસે પંચનામું કરવા પોલીસે તેમને બોલાવેલ. તેમની સાથે બે સાક્ષી તરીકે ફુલચંદભાઈ અને દરજીભાઈ હાજર હતા.

ત્યારબાદ સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે ફરીયાદ સાડા પાંચ મહીના મોડેથી આપેલી છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેણે ફરિયાદ નામ જોગ આપેલ નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સ્થળનો રસ્તો ચાર માર્ગીય છે. તેમજ આ ચાર માર્ગે રસ્તા વચ્ચે એક ડિવાઈડર આવે છે.એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઊંઝા થી પાટણ જતો હોય તો ડાભી સાઈટ ચાલવું પડે તથા પાટણ થી ઉંઝા તરફ આવવા માટે જમણી સાઈટ નો ઉપયોગ કરવો પડે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બનતા જ તેઓ પડી જવાથી બેભાન થઈ ગયેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેણે કારચાલકને જોયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને જયારે દિયા હોસ્પિટલ ખાતે લઈ ગયેલ ત્યારે તેઓ ભાનમાં ન હતા, અજય ભાઇ તેમની સાથે હાજર હતા અને તેઓ બેભાન હતા જેથી અજયભાઇએ ડોકટરશ્રીને હીસ્ટ્રી લખાવેલી. ગુન્હાવાળી જગ્યાનું પંચનામું કરતી વખતે પોલીસના બે માણસો હાજર હતા. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ આપ્યા બાદ તેમને પોલીસ સ્ટેશન ખાતે જવાનું થયેલ નહી.

(૬.૮) ત્યારબાદ આ કામે **આંક–૨૮** થી ત.ક.અ. રજનીકાન્ત બાબુલાલનાઓને તપાસવામાં આવેલ છે. તેમણે તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ ઉંઝા પોલીસ સ્ટેશનમાં ફરજ

બજાવતા હતા. પો.સ્ટે. ઓફિસરનાઓએ ડેપ્યુટેશન હુકમ સાથે તા.૫/૧૧/૨૩ ના આ ગુનાની તપાસ તેઓને સોંપેલી જે તપાસ ડેપ્યુટ હુકમ  આંક–૨૯ થી રજુ છે. તપાસ સંભાળી ગુનાવાળા સ્થળની જગ્યાનું પંચનામું કરેલ. સાહેદોના લખાવ્યા મુજબ તેઓના નિવેદન લીધેલ. આ ગુનાની તપાસ તેઓને મળી તે અગાઉ આ અંગે અરજી તા.૨૯/૯/૨૩ ની દાખલ થયેલ હોઈ જેની તપાસ અ.હેડ.કોન્સ. રતનસિંહ દલપતજી કરતા હતા.જેઓએ તેમના રૂબરૂએ ફરિયાદ દાખલ કરાવેલી. આ બાબતે તપાસના કામે સારવાર સર્ટી મેળવવા ચાદી કરેલી અને સર્ટી મેળવેલ.અકસ્માત કરનાર વાહનોના જરૂરી કાગળો મેળવેલા અને આ બાબતે મોબાઈલ મેળવી કામમાં સામેલ આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોઈ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખી શકે છે.

ત્યારબાદ સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ પોલીસ ખાતામાં ૧૬ વર્ષથી ફરજ બજાવે છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીએ રતનસિંહ વિરૂધ્ધ જે ફરિયાદ આપી તેમાં બનાવ તા.૧૯/૫/૨૩ લખેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતી ફરિયાદ તા.૫/૧૧/૨૩ ના રોજ જાહેર થયેલ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતી ફરિયાદ સાડા પાંચ મહિના વિલંબથી દાખલ થયેલ છે.જે અંગેનું ફરિયાદમાં કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદમાં આરોપીનું નામ જણાવેલ નથી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પાટણથી ઉંઝા જે રોડ છે એ ચાર  માર્ગીય રોડ છે, તેમાં વચ્ચે ડિવાઈડર આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે વખતે કોઈ જાહેરનામાં પ્રસિધ્ધ થયેલ હતું નહિ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામના ફરિયાદી ઉંઝાના વતની છે. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યાના પંચનામા કરતી વખતે કોઈ ચિન્હો મળી આવેલ નથી.

(૭) *** **પુરાવાનું મુલ્યાંકન અને મુદાઓના નિર્ણય** ***

ફરીયાદપક્ષે રજુ પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ફોજદારી ન્યાય પ્રણાલીના પ્રચલિત સિધ્ધાંત અત્રે નોંધવા જરૂરી જણાય છે.

(૧) ''ફરીયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવાનો રહે છે. જો તેમ કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય નહી, અને વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરી શકે નહી, તો આરોપીને જે તે તહોમત બદલ દોષિત ઠરાવી શકાય નહી.''

(૨) '' કોઇ ફોજદારી કેસમાં આરોપી પોતે નિર્દોષ છે, તેવું પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી. પરંતુ આરોપી દોષિત છે, તે હકીકત વ્યાજબી શંકાથી પર રહીને ફરીયાદપક્ષે પુરવાર કરવાની રહે છે. આરોપીએ તો માત્ર પોતાના બચાવ ધ્વારા ફરીયાદપક્ષે રજુ પુરાવા ઉપર વયાજબી શંકા ઉત્પન્ન કરવાની છે.

વ્યાજબી શંકા એટલે કોઇ હકીકત, બનાવ કે ઘટનાના અસ્તિત્વ વિશે સામાન્ય સમજ શકિત ધરાવતી વ્યકિતના મનમાં શંકા ઉભી થાય તેવી શંકા. ફરીયાદપક્ષે રજુ ઉપરોકત પુરાવાની સાથે ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીના પ્રચલિત સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે, જે મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર

રહીને પુરવાર કરવો જોઈએ. વ્યાજબી શંકાથી પર રહીને પોતાનો કેસ પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે અને જો ફરીયાદ પક્ષ પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં સફળ થાય નહી તો આરોપીને જે તે તહોમત બદલ દોષિત ઠરાવી શકાય નહી. આરોપીની નિર્દોષતા પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર નથી, પરંતુ આરોપી દોષિત છે, તે હકીકત શં કાથી પર રહીને પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર છે.

(૮) ઉપરોકત મુદ્દા અંગે રજુ પુરાવાનું મૂલ્યાંકન અને ચર્ચા કરતાં અગાઉ આરોપી સામે ભારતીય ફોજદારી ધારાની જે કલમો અંગેનો ફરીયાદપક્ષનો આક્ષેપ છે તેં અંગેની કાયદાની જોગવાઈઓ નીચે મુજબ ધ્યાને લેવામાં આવેલ છે.

**<u>ભારતીય ફોજદારી ધારાની કલમ–૨૭૯ :–</u>**

'' જે કોઈ વ્યકિત' માણસોની જિંદગી જોખમમા મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી સરિયામ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહીના સુધીની બે માથી કોઈ એક પ્રકારની કેદની અથવા એક હજાર રુપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામા આવશે.''

ઉપરોકત જોગવાઈ મુજબ જો '' આરોપીએ સરિયામ રસ્તા ઉપર બેદરાકારીપુર્વક, માણસોની જીંદગી જોખમમા મુકાય અથવા કોઈ વ્યકિતને હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે વાહન ચલાવે અને કોઈ વ્યકિતને વ્યથા પહોંચાડે તો જ ઉપરોકત

જોગવાઈઓ મુજબનો આક્ષેપિત ગુનો પુરવાર થાય.

ઉપરોકત જોગવાઈઓને ઘ્યાને રાખીને નીચે મુજબની વિગતે ફરીયાદપક્ષે રજુ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯) આમ, આ કામે અગાઉના પેરામાં ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદીનો પુરાવો ધ્યાને લીધો. આ કામે ફરીયાદપક્ષે આંક–૦૫ થી પંચસાહેદ પટેલ કુલચંદભાઇ આત્મારામનાઓને તપાસેલ છે તેઓનો પુરાવો જોતા જણાઇ આવે છે કે, તા.૧૯/૦૫/૨૦૨૩ ના રોજ બપોરના ૧:૩૦ વાગયે બનેલ જેમાં એક વેગનઆર ગાડી અને પલ્સર બાઇક વચ્ચે અકસ્માત થયેલ જેના નંબર તે વખતે યાદ હતા પરંતુ હાલ તેમને યાદ નથી તેવુ જણાવે છે. જે બાબતનું તેમની રૂબરૂ પંચનામું થયેલુ જેમાં તેણે સહી કરેલી. તેમજ ઉલટતપાસમાં સ્વીકારે છે કે તેણે સહી કરી ત્યારે મહેન્દ્રભાઇ કાંતીલાલ હાજર ન હતા. ત્યારબાદ આંક–૦૭ ના પંચસાહેદ દરજી મહેન્દ્રભાઇ કાંતીલાલ તેમના પુરાવામાં માત્ર તૈયાર પંચનામામાં સહી કરેલાનું જણાવે છે.

વધુમાં આંક–૦૮ થી પટેલ કમલેશકુમાર ડાહયાલાલનાઓને તપાસેલ છે તેમનો પુરાવો જોતા જણાવે છે કે, તા.૧૯/૫/૨૩ ના રોજ તેઓ જમવા માટે ઘરેથી પરત નોકરી વિનય એગ્રોમાં સુણોક રોડ ઉપર જતા હતા ત્યારે કમળ રમણની ફેકટરીએ અકસ્માત થયેલો જેમાં તેણે જઇને જોયુ તો અકસ્માતમાં તેમની ફેકટરીમાં કામ કરતા પાર્થભાઇ હતા જેમને અકસ્માતમાં ઈજાઓ થયેલી હતી. તેમજ તેઓ તેમની ઉલટતપાસમાં આ બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાનો સ્વીકાર કરે છે. આમ સદર સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી જેથી તેમના પુરાવા પરથી ફરીયાદપક્ષની હકીકત પુરવાર

થતી નથી.

વધુમાં આંક–૦૯ થી સાહેદ પટેલ યોગેશકુમાર સોમાભાઇનાઓને તપાસેલ છે તેમનો પુરાવો જોતા જણાવે છે કે, આજથી ૭–૮ મહીના અગાઉ અજયભાઇને તેમના ઉપર ફોન આવેલ કે પાર્થના માતા–પિતાને લઇને તમો હોસ્પીટલ પહોંચો જેથી તેઓ ગયેલા જેમાં અકસ્માતમાં પાર્થને ઇજાઓ થયેલી હતી. તેમજ તેઓ તેમની ઉલટતપાસમાં આ બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાનો સ્વીકાર કરે છે. આમ સદર સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી જેથી તેમના પુરાવા પરથી ફરીયાદપક્ષની હકીકત પુરવાર થતી નથી.

તયારબાદ આંક–૧૧ થી પટેલ અજયકુમાર મનુભાઇ તથા આંક–૧૨ થી પટેલ જીનેશકુમાર વિઠલભાઇ તથા આંક–૧૮ થી પટેલ આશીષકુમાર વિષ્ણુભાઇ હીરાલાલનાઓને તપાસેલ છે, સદર સાહેદોનો પુરાવો જોતા તેઓએ બનાવ નજરે જોયલ ન હોવાનો સ્વીકાર કરે છે. આમ સદર સાહેદો બનાવના નજરે જોનાર સાહેદ નથી જેથી તેમના પુરાવા પરથી ફરીયાદપક્ષની હકીકત પુરવાર થતી નથી.

ત્યારબાદ આંક–૧૯ થી ફરીયાદી પટેલ પાર્થ હસમુખભાઇને તપાસવામાં આવેલ છે. ફરિયાદીએ બનાવ વિશે મુખ્યત્વે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તારીખ ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ બપોરે તેઓ તેમની બાઈક જેનો રજી નંબર જી.જે.૦૨ સી.એસ.૯૭૨૨ નું લઇ ઓફિસ જવા માટે ઊંઝા થી પાટણ રોડ જવા નીકળેલ ત્યારે બાલાજી પાર્ટી પ્લોટ પાસે તેઓ પહોંચ્યા ત્યારે સામેથી એક સફેદ કલરની વેગેનાર ફોરવીલ ગાડી જેનો નંબર જી.જે.૧૮.બી.સી.૮૫૨૯ રોંગ સાઈડમાં ફુલ સ્પીડથી આવતી હોય તેમને ટક્કર મારેલાનું જણાવે છે જેમાં

તેઓને જમણા પગના અંગૂઠા કપાઈ ગયેલ હતો અને જમણી બાજુ થાપાના ભાગે ફેક્ચર થયેલ અને બરડાના ભાગેથી ચામડી નીકળી ગયેલ અને જમણા હાથે છોલાઈ ગયેલાનું જણાવે છે. જેની સારવાર તેણે મહેસાણા દિયા ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે લીધેલી અને તેમને ચાર મહિનાનો બેડરેસ્ટ કરવાનું જણાવવામાં આવેલ હતું જેથી હાલના ગુનાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં જઈ પાંચ મહિના પછી ફરિયાદ આપેલાનું જણાવે છે. ફરીયાદ મોડેથી આપવાનું કારણ તેઓએ બેડરેસ્ટ જણાવેલ, તેઓ આરોપી(અલ્પેશકુમાર) ને ઓળખી શકતા નહી પરંતુ જણાવેલ છે કે, તેમના પપ્પા તેમને ઓળખી શકે કારણ કે આરોપીએ ફરીયાદીના પપ્પાને અકસ્માતમાં થયેલ ખર્ચ આપવા સારૂ જણાવેલ હતુ પરંતુ આપેલ નથી. પરંતુ તેઓએ પોતાની ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, તેઓએ ફરીયાદ નામજોગ આપેલી નહી વધુમા તેમના પિતાશ્રીને પણ આ કામે તપાસવામા આવેલ નથી. તેણે ફરીયાદ સાડા પાંચ મહીના મોડેથી આપેલી છે. તેમજ બનાવ સમયે તેણે કારચાલકને જોયેલ નથી. વધુમાં સ્વીકાર કરે છે કે, તેમને જયારે દિયા હોસ્પિટલ ખાતે લઈ ગયેલ ત્યારે તેઓ ભાનમાં ન હતા, અજય ભાઈ તેમની સાથે હાજર હતા અને તેઓ બેભાન હતા જેથી અજયભાઈએ ડોકટરશ્રીને હીસ્ટ્રી લખાવેલી.એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ આપ્યા બાદ તેમને પોલીસ સ્ટેશન ખાતે જવાનું થયેલ નથી. આમ, સદર ફરીયાદીનો પુરાવો જોતા તેમણે બનાવ નજરે જોયેલ નથી કે, વાહન ચાલકને તેમણે નજરે જોયેલ નથી બનાવ બન્યા બાદ બેભાન થઈ ગયેલાનું સ્વીકારે છે. તેમજ ફરીયાદ તેમણે પાંચ મહીના મોડી આપેલ છે. આમ, ફરીયાદીની ફરીયાદપક્ષની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

વધુમાં આંક–૨૮ થી ત.ક.અ. રજનીકાન્ત બાબુલાલનાઓને તપાસવામાં આવેલ છે સદર સાહેદ તેમની ફરજને અનુરૂપ જુબાની આપે છે. તેમજ ઉલટતપાસમાં સ્વીકારે છે કે, ફરિયાદીએ રતનસિંહ વિરૂધ્ધ જે ફરિયાદ આપી તેમાં બનાવ તા.૧૯/૫/૨૩ લખેલ છે પરંતુ કહેવાતી ફરિયાદ તા.૫/૧૧/૨૩ ના રોજ જાહેર થયેલ હોવાનું જણાઈ છે, આ કહેવાતી ફરિયાદ સાડા પાંચ મહિના વિલંબથી દાખલ થયેલ છે જે અંગેનો ફરિયાદમાં કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. વધુમાં ફરિયાદમાં આરોપીનું નામ પણ જણાવેલ નથી. વધુમાં સ્વીકારે છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.

આમ, આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, બનાવ તેમણે નજરે જોયેલ નથી. આરોપીની ઓળખ પુરવાર થતી નથી. તેથી અકસ્માતમાં સંડોવાયેલ વેગેનાર ગાડી, અકસ્માત સમયે આ કામના આરોપી જ ચલાવતા હોય તેવી હકીકત પુરવાર થતી નથી. આમ રજુ પુરાવો ધ્યાને લેતાં આરોપીની ઓળખ પુરવાર થાય તેવો કોઇ પુરાવો ફરીયાદપક્ષે રજુ નથી. જેથી સદર ફરીયાદી તથા સાહેદોની જુબાની પરથી આ કામના આરોપીએ જ પોતાની વેગેનાર ગાડી બેદરકારી અને ગફલતભરી રીતે પુરઝડપે અને માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી અકસ્માત કરી જે અકસ્માતમાં ફરીયાદીને ઈજા થયેલ હોવાનું પુરવાર થતુ નથી તેમ મારુ માનવું છે.

(૧૦) વધુમાં, સદર કામે આંક–૨૦ થી ફરીયાદીની ફરીયાદ તથા આંક–૦૬ થી ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૨૯ થી ડેપ્યુટ હુકમ, આ, પુરાવામાં રજુ રાખેલ છે. તે રજુ દસ્તાવેજી

પુરાવાથી ફરીયાદીએ તેમના પુરાવામાં બનાવ અંગેની જે હકીકત જણાવેલ છે તેને સમર્થન મળે છે. પરંતું અગાઉ ચર્ચા કર્યા મુજબ આરોપીના બેદરકારીના કારણે ફરીયાદીને ઈજા થયેલ હોવાનું આ કામે તપાસવામાં આવેલ ઉપરોકત ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી પુરવાર થતું નથી.

**(૧૧)** આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીનો પુરાવો જોતાં, ફરીયાદપક્ષે હકીકત પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, બનાવ સમયે બનાવ સ્થળે અકસ્માત થયેલ અને અકસ્માતમાં ફરીયાદીને ઈજા થયેલ, પરંતુ અકસ્માતમાં સંડોવાયેલ વાહન બનાવ સમયે આ કામના આરોપી જ ચલાવતા હતા કે કેમ ? તેવી હકીકત ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાથી પુરવાર થતી નથી. આમ, આરોપીની બનાવ સ્થળે અને સમયે હાજરી અને આરોપીની ઓળખ પુરવાર થાય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષે રજુ નથી. આમ, બનાવ માત્ર હાલના આરોપીની જ બેદરકારીના કારણે બનેલ હોય તેવી હકીકત ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતાં પુરવાર થતી નથી. જેથી ફરીયાદપક્ષે રજુ પુરાવાથી આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર રહીને પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

- આ કામના આરોપી પટેલ અલ્પેશભાઈ વિઠલભાઈ, હાલ રહે.૧૭, શારદાનગર સોસાયટી અંબીકા પોલીસ ચોકીની બાજુમાં હાઈવે રોડ

કલોલ, તા.કલોલ, જી.ગાંધીનગર. મૂળ રહે.મહેરવાડા ગામીતવાસ, તા.ઉંઝા, જી.મહેસાણાનાઓને ક્રીમીનલ પ્રોસિજર કોડની કલમ: ૨૫૫(૧) અન્વયે તેમની સામેના ઈ. પી. કો.કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ હેઠળના ગુનામાં થી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે આરોપીએ સી.આર.પી.સી.કલમ ૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૧૫૦૦૦/– ના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૭મી, માહે. માર્ચ , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૦૭/૦૩/૨૦૨૬.
સ્થળ – ઊંઝા.

**યોગિતા શર્મા**
CODE No. GJ 01529
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ઊંઝા.